# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2025-26/374 Dt. 26/03/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ‘ડિઝાઇનીંગ સકસેસઃ ફ્રોમ મહેંદી આર્ટ ટુ વુમન એકસલન્સ’ વિષે સેશન

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના લેડીઝ વિંગ, વુમન આંત્રપ્રિન્યોર સેલ અને ચેમ્બરની આર્ટ, કલ્ચર એન્ડ હેન્ડીક્રાફટ કમિટી દ્વારા સંયુકતપણે મંગળવાર, તા. ૨૪ માર્ચ, ૨૦૨૬ના રોજ સાંજે ૪:૦૦ કલાકે ઉષાકાંત મારફતિયા હોલ, સરસાણા, સુરત ખાતે ‘ડિઝાઇનીગ સકસેસઃ ફ્રોમ મહેંદી આર્ટ ટુ વુમન એકસલન્સ’ વિષય પર સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ પોતાના સંબોધનમાં મહિલાઓના સશક્તિકરણ અને ઉદ્યોગ ક્ષેત્રમાં તેમની ભૂમિકા વિશે ઉલ્લેખ કર્યો હતો.

મુખ્ય વકતા સુશ્રી વીના નાગડાએ પોતાના સંબોધનમાં મહેંદી આર્ટના ક્ષેત્રમાં પ્રાપ્ત કરેલા અનુભવો, પડકારો અને સફળતાની સફર અંગે વિસ્તૃત રીતે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, કોઈપણ કળા માત્ર શોખ પૂરતી મર્યાદિત ન રાખતા તેને વ્યાવસાયિક દિશામાં આગળ વધારવી જોઈએ. સતત મહેનત અને આત્મવિશ્વાસ દ્વારા નાના સ્તરેથી શરૂ કરેલું કામ પણ વૈશ્વિક ઓળખ મેળવી શકે છે.

તેમણે જણાવ્યું હતું કે, મહિલાઓ પાસે રહેલી સર્જનાત્મક શક્તિ અને કુશળતાનો યોગ્ય ઉપયોગ કરવામાં આવે તો તેઓ સફળ ઉદ્યોગ સાહસિક બની શકે છે અને સમાજમાં પોતાની અલગ ઓળખ ઉભી કરી શકે છે. તેમણે મહિલાઓને પોતાના ટેલેન્ટને વ્યવસાયમાં પરિવર્તિત કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

ચેમ્બરની લેડીઝ વિંગની ચેરપર્સન શ્રીમતી મયુરી મેવાવાલાએ કાર્યક્રમ વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે, આ સેશનનો મુખ્ય હેતુ મહિલાઓને સર્જનાત્મકતા અને ઉદ્યોગ સાહસિકતા તરફ પ્રેરિત કરવાનો છે.

લેડીઝ વિંગની વાઇસ ચેરપર્સન શ્રીમતી અલ્પા મદ્રાસીએ મહેમાન વક્તા તરીકે હાજર રહેલી પ્રસિદ્ધ સેલિબ્રિટી મહેંદી આર્ટિસ્ટ સુશ્રી વીના નાગડાનો પરિચય કરાવ્યો હતો.

વુમન આંત્રપ્રિન્યોર સેલ દ્વારા એસજીસીસીઆઇ વુમન એક્સલન્સ એવોર્ડ્સ સેરેમની યોજાઈ હતી, જેમાં વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલા, માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી અને મહિલા ઉદ્યોગ સાહસિકો સેશનમાં ઉપસ્થિત રહ્યા હતા. ચેમ્બરની આર્ટ, કલ્ચર એન્ડ હેન્ડીક્રાફટ કમિટીના ચેરપર્સન શ્રીમતી સ્વાતિ શેઠવાલાએ સેશનમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. વુમન આંત્રપ્રિન્યોર સેલની સભ્ય સુશ્રી ખુશ્બૂ રાય દ્વારા કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું.